બાયડના ધારાસભ્ય સામે લૂંટની ફરિયાદનો મામલો ગૃહમાં ચમક્યો

વિધાનસભાના અધ્યક્ષ, ગૃહ રાજ્ય મંત્રીએ યોગ્ય તપાસની ખાતરી આપી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

બાયડ વિધાનસભા મતક્ષેત્રના કોંગ્રેસી ધારાસભ્ય જશુભાઈ પટેલ સામે માલપુર પોલીસે લૂંટ, હુમલા સહિતનો ગુનો નોંધ્યા પછી તેની ગુંજ રાજ્યની વિધાનસભામાં જોવા મળી. ગત રોજ ધારાસભ્યએ પોતાની સામે નોંધાવેલી ફરિયાદ ખોટી હોવાનો આરોપ લગાવવાની સાથે હું દર વર્ષે ૫૦૦૦ મણ ઘઉં ચૂકવું છું, મોટો ખેડૂત છું, સૌથી વધુ ટેક્ષ ચૂકવું છું અને હું રૂા.૧૨ હજારની રોકડની લૂંટ કરૂં.. તે બાબત સત્યથી ઘણી દૂર છે. મને બદનામ કરવા માટે ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ત્યારબાદ વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ પણ ગૃહમાં પોતાના આગવા અંદાજમાં કોંગ્રેસના ધારાસભ્ય સામે દાખલ થયેલી ફરિયાદ સામે નારાજગી વ્યક્ત કરતાં વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ લૂંટ કેસની યોગ્ય તપાસ થશે અને જે કંઈ સત્ય હશે તે બહાર આવશે તેવી હૈયાધારણા આપી હતી.

માલપુર તાલુકામાં પાટીદાર સમાજના કેટલાક પરિવારો સામે ગજગ્રાહ લાંબા સમયથી ચાલતો આવ્યો છે અને તેની પોલીસ ફરિયાદો પણ દફતર ઉપર છે. માલપુર નાગરિક બેન્કની જનરલ મીટીંગમાં હાજર રહેલા ભાજપ યુવા મોરચાના અગ્રણી કશ્યપ પટેલ ઉપર હુમલા પ્રકરણમાં પોલીસ ફરિયાદ પછી માલપુર પોલીસે ધારાસભ્ય જશુભાઈ પટેલ તેમના પુત્ર સહિત કુલ-૪ જણ સામે લૂંટ અને હુમલાનો ગુનો નોંધ્યો હતો. વિધાનસભા ચાલુ હોવાથી ગૃહમાં પહોંચેલા ધારાસભ્ય જશુભાઈ પટેલ પોતાના આગવા અંદાજમાં માલપુર પોલીસે ખોટી ફરિયાદ દાખલ કરી છે, મને ખોટી રીતે લૂંટ કેસમાં ફસાવવાનો પ્રયાસ કર્યો છે. જેને હુમલાનો આરોપ લગાવ્યો છે તેમના પરિવારની લોન પણ બાકી છે અને નોટિસ પણ આપેલી છે.

જ્યારે મારા બેન્ક મેનેજરે માલપુર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવા છતાં પોલીસે ફરિયાદ નોંધી નથી. મારી સામે રૂા.૧૨ હજારની રોકડ રકમ અને સોનાના દોરાની લૂંટનો ગુનો દાખલ થયો છે. હું આટલી રકમ તો મંદિરોમાં દાનમાં આપું છું. મારી પાસે સારી જમીન છે, સારા ઘઉં પકવું છું તો પછી મામૂલી રકમની લૂંટ કરૂં..?? તે વાત કોઈને ગળે ઉતરે તેમ નથી. એક રીતે મને બદનામ કરવાનો પ્રયાસ થયો છે. જેથી વિધાનસભા ગૃહમાં આ પ્રશ્ન ઉઠાવી મને ન્યાય અપાવો તેવી રજૂઆત કરી હતી.

હું ગુનેગાર હોઉં તો મને જાહેરમાં ફાંસીએ લટકાવો : ધારાસભ્ય

બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલે ગુજરાત વિધાનસભા ગૃહમાં તેમની સામે દાખલ થયેલી લૂંટની ફરિયાદમાં ન્યાયિક તપાસની માંગ કરી છે અને જો તપાસ દરમ્યાન હું ગુનેગાર હોઉં તેવું સાબિત થાય તો મને જાહેરમાં ફાંસીએ લટકાવો તેમ જણાવતાં ગૃહમાં હલચલ મચી હતી. તેઓએ ચોર કોટવાલને દંડે તેવી અત્યારે હાલત હોવાની પણ હૈયાવરાળ ઠાલવી છે.

ધારાસભ્ય સામે ખોટી ફરિયાદ રદ કરવા રેલી યોજી આવેદનપત્ર

બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલ અને તેમના પરિવારના સભ્યો સામે લૂંટ અને માર મારવાની ફરિયાદ માલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયા પછી રાજકારણ ગરમાયું છે. વિધાનસભા ગૃહમાં મામલો ચમક્યા પછી ગુરૂવારે માલપુર તાલુકા સહિત અન્ય વિસ્તારના કોંગ્રેસના કાર્યકરોએ ધારાસભ્ય સામે ખોટી ફરિયાદ રદ કરવા મોડાસા બહુમાળી ભવન સુધી રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યાનું પણ જાણવા મળ્યું છે.

ઈકબાલગઢના ખારા રોડ ઉપર ટ્રેકટર વીજ થાંભલાને ટકરાયું

બનાસકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન અકસ્માતનો વધારો થઈ રહ્યો છે. ત્યારે અમીરગઢ તાલુકાના ઈકબાલગઢથી ટ્રેક્ટરની ટ્રોલીમાં લોખંડના પતરા ભરીને ખારા તરફ જઈ રહેલાં ટ્રેકટરના ચાલકે અચાનક સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ટ્રેકટરના ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા ટ્રેક્ટર રોડની સાઈડમાં આવેલ ઈલેક્ટ્રીક થાંભલાને ટકરાયું હતું. જોકે, ટ્રેક્ટર ટકરાતા ઈલેક્ટ્રીક થાંભલાના નીચેના ભાગથી બે ભાગ થઈ ગયા હતા.

ઈડર હોટ સીટી તરફ સરકી રહ્યું છે, પારો ૩૬ ડિગ્રીને આંબ્યો

બપોર થતાં બજાર સૂમસામ, ઠંડક આપતાં ઉપકરણો ધમધમ્યાં

પર્વત માળાઓથી ઘેરાયેલા ઈડરમાં ઉનાળા દરમ્યાન તાપમાનનો પારો સર્વાધિક નોંધાયો છે. ઈડર ફરી એકવાર હોટ સીટી તરફ સરકી રહ્યું છે. ગુરૂવારે તાપમાનનો પારો ૩૬ ડિગ્રીને આંબ્યો છે જે આવતા સમાહે ૪૧ ડિગ્રીને પાર કરી શકે છે. શિયાળા દરમ્યાન કાતિલ ઠંડીનો અનુભવ કરતી ઈડરની પ્રજાને ઉનાળો આવતાં જ આકરી ગરમી પરેશાન કરી મૂકે છે. બપોર થતાં બજાર સૂમસામ ભાસે છે, ઠંડક આપતાં ઉપકરણો ધમધમી રહ્યાં છે. ઉનાળાનો આકમક પ્રારંભ થયો એ સાથે જ જિલ્લામાં સતત તાપમાનનો પારો ઉંચકાવવાની દહેશત વચ્ચે છેલ્લા ૨ દિવસથી પરોઢે ઠંડીનો અનુભવ થાય છે જેના કારણે બપોરના ૧૨-૦૦ સુધી પ્રજા રાહત અનુભવે છે પરંતુ ત્યારબાદ આકાશમાંથી અગનગોળા વછૂટતા હોય તે રીતે ગરમીનો પારો ઉંચકાવવા લાગ્યો છે. છેલ્લા ૨ દિવસથી ઈડર વિસ્તારમાં ગરમીએ પ્રજાને અકળાવી દીધી છે એક તરફ કોરોના અને બજારમાં ઘરાકી નથી જેથી વેપારીઓ ઉદાસ જણાઈ રહ્યા છે. ઈડર ઉપરાંત વિરપુર, જાદર, મશાલ, સૂરપુર, બડોલી, કુકડીયા, રૂદરડી સહિતના વિસ્તારોમાં પણ ગરમીની તિવ્ર અસર જોવા મળી રહી છે.

ધાનેરાની અંબિકા શોપિંગ સેન્ટરમાં ચોરી કરનારને ધાનેરા પોલીસે ઝડપ્યા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ની અંબિકા શોપીંગ સેન્ટર ની દુકાન માંથી બે દિવસ અગાઉ ૧૦ જેટલી દુકાનોનાં તાળાં તોડી ચોરી થયાનો બનાવ સામે આવ્યો હતો તે બાદ ધાનેરા પોલીસે આ ચોરો સુધી પહોંચવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા અને ગણતરીના કલાકોમાં જ ધાનેરા પોલીસ દ્વારા ડીસા સ્ટેશનની બાજુમાં છાપરામાં રહેતા વિપુલ ઉર્ફે ટેણી માધાભાઈ લુહાર તથા રવિ અશોકભાઈ મોચી ને ઝડપી ધાનેરા પોલીસ મથકે લાવ્યા હતા.

ગાંભોઈ નજીક દૂધ ભરેલી ટેન્કર ઉંધી વળી, લોકો વાસણમાં દૂધ ભરવા દોડ્યા

રસ્તા ઉપર દૂધની નદી વહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ચોકડી પાસે સાબરડેરીનું દૂધ લઈને જતી ટેન્કર ઉંધી વળતાં એકાએક દૂધની નદી વહેતાં અનેક લોકોએ દોટ લગાવી હતી અને વાસણમાં દૂધ ભરી ઘર તરફ રવાના થઈ ગયા હતા. રસ્તા ઉપર લોકોએ આશ્ચર્ય અનુભવ્યું હતું.

પ્રજા પાણીનું મૂલ્ય સમજતી નથી પરંતુ મોંઘા દૂધનું મૂલ્ય સમજી રહી છે. સાબરડેરી દ્વારા ઠેકેદારોને દૂધના વહન માટે નિયુક્ત કરાયા છે. પરંતુ કેટલાય દૂધના ટેન્કર ચાલકો ગતિમર્યાદાને ભૂલીને વાહનો હંકારી રહ્યા છે જેના કારણે ગમખ્વાર અકસ્માત અને દૂધના ટેન્કર ઉંધાં વળવાના કારણે સાબરડેરીને આર્થિક નુકસાન સહન કરવું પડે છે. ગુરૂવારે દૂધ ભરેલી ટેન્કરના ચાલકે વાહન પરનો કાબુ ગુમાવતાં દૂધ રોડ ઉપર ઢોળાવવા લાગ્યું હતું. વાત વાયુવેગે આસપાસના વિસ્તારમાં પ્રસરતાં લોકો જે હાથમાં સાધન મળ્યું તે લઈને દૂધ ભરવા માટે દોટ લગાવી હતી.

ડીસા પાટણ હાઈવે પર વિકાસ કમિશનરની ગાડીને અકસ્માત નડ્યો

બનાસકાંઠા કોરોના પ્રભારી અને ગ્રામ્ય વિકાસ કમિશ્નર વિજય નહેરા ગતરોજ બનાસકાંઠા ની મુલાકાત એ આવ્યા હતા અને જિલ્લા કલેકટર કચેરી એ અધિકારીઓ સાથે કોરોના ને લઈને બેઠક કર્યા બાદ ડીસા આવી અને પાટણ જવા રવાના થયા હતા ત્યારે જુનાડીસા પાસે માટી ભરીને આવી રહેલ ટ્રેકટર એ ગાડી ના સાઈડ ના ભાગે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો જોકે અકસ્માત માં વિજય નહેરા અને ગાડી ચાલક નો આબાદ બચાવ થયો હતો જ્યારે ગાડીને નુકસાન થયું હતું જોકે તે સમયે પોલીસ પાયલોટીંગ હોવાના કારણે તેઓ દોડી આવ્યા હતા જોકે ઘટના બાદ ડીસા નાયબ કલેકટર, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી દોડી આવ્યા હતા.

કોરોના બેફામ : જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના આધારકાર્ડ માટે આગ્રહ રખાતાં રોષ

તાલુકા દીઠ ૨ આધારકીટની ફાળવણી, શાળામાં જ આધારકાર્ડની વ્યવસ્થા થાય તેવી પ્રા. શિક્ષકોની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

સડસડાટ બીજું શૈક્ષણિક સત્ર પુરૂ થવા આગળ વધી રહ્યું છે. ત્યારે જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના આધારકાર્ડ માટે મુખ્ય શિક્ષક અને વર્ગશિક્ષક ઉપર દબાણ વધ્યું છે ત્યારે જવાબદાર તંત્રએ પણ કોરોનાએ હાહાકાર મચાવ્યો છે આ સંજોગોમાં શાળા કક્ષાએ જ ૧૦ થી ૨૦ વિદ્યાર્થીઓને એક સાથે આધારકાર્ડ મળે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. આ બધા વચ્ચે રાજ્યના નાયબ શિક્ષણ નિયામક દ્વારા કોવિડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાને રાખી આધાર નોંધણીની કામગીરી કરવા પરીપત્ર કર્યો છે જેમાં તાલુકા દીઠ ૨ આધાર કીટ, કુલ-૪૯૪ કીટની ફાળવણી કરવામાં આવી છે તેના ઉપર આધારની કામગીરી કરવા તાલુકાની તમામ સી.આર.સી., બી.આર.સી., સ્કુલ કક્ષાએ સંદર્ભ દર્શિતપત્ર-૨ મુજબ આપવામાં આવેલ ગાઈડલાઈન અને પત્રકને ધ્યાને લઈ આધાર એનરોલમેન્ટ અને અપડેશનની કામગીરી કરવા જણાવ્યું છે.

સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના આધારકાર્ડ ફરજીયાત કર્યું છે જે સારી બાબત છે. આધારકાર્ડ ન હોય તો બાળક, વાલી અને ખુદ પ્રા.શિક્ષક નિરાધાર બની જાય છે. પરંતુ અનેક શાળાઓના વાલીઓને જાણે કે શિક્ષકોને ગરજ છે એટલે વિદ્યાર્થીઓના આધારકાર્ડ માટે આગ્રહ રાખતા હોય છે તેવી ગ્રંથીથી પીડાય છે. વર્તમાન સ્થિતિમાં અનેક વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. શિક્ષકોમાં પણ કોરોનાનું સંક્રમણ દેખાયું છે. વર્તમાન સ્થિતિમાં પ્રા.શાળાના વિદ્યાર્થીઓને આધારકાર્ડ માટે કોઈપણ જગ્યાએ લઈ જવા મુશ્કેલ છે. વિદ્યાર્થીને કોરોના થાય અને કોઈ અજુગતું થાય તો સીધો જ શાળાનો મુખ્ય શિક્ષક અને વર્ગશિક્ષક ભરાઈ પડે. આવી સ્થિતિમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રા.શાળાના અનેક મુખ્ય શિક્ષકોએ શાળા કક્ષાએ આધારકાર્ડ આપવાની હાલપૂરતી વ્યવસ્થા ગોઠવવાની માંગ કરી છે તેમ છતાં અનેક તાલુકાઓમાં આધારકાર્ડ માટે દૂર દૂર સુધી આવવા ફરજ પડાય છે. આ સંજોગોમાં બે દિવસ અગાઉ પ્રાથમિક નાયબ શિક્ષણ નિયામકે કરેલો પરીપત્ર અને તેનું કેવું અર્થઘટન થાય છે તેના ઉપર પ્રા.શિક્ષકોની નજર ટેકવાઈ છે.

સાબરકાંઠા, અરવલ્લીના ૧૬૦૦ ગામડાઓમાં હોળીની જવાળા જોઈ વર્તારો જોવાશે

હોળી-ધૂળેટીના પર્વ ઉપર કોરોનાનું સંક્રમણ મંડરાયું છે છતાં ઉત્સવપ્રિય પ્રજા કોરોનાને બાજુમાં મૂકી તમામ પર્વની ઉજવણી કરશે તેમ છતાં સાવધાની રાખવી જરૂરી છે. આગામી રવિવાર તા.૨૮ માર્ચે રંગપર્વ હોળીની આસ્થા-ઉમંગ સાથે ઉજવણી થવાની છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૬૦૦થી વધુ ગામડાઓમાં સમી સાંજે શુભ મુહર્તમાં વૈદિક મંત્રોચ્ચાર પછી હોળી પ્રગટાવવાનો રિવાજ છે. હોળી વચ્ચે ધજા રોપીને પવનની દીશા જોવાની પરંપરા અકબંધ છે. ૨૮ માર્ચે હોળી પ્રગટાવ્યા પછી તેની ઝાળ કઈ દીશામાં જઈ રહી છે તેના ઉપરથી વર્ષનો વર્તારો નક્કી થશે. હોળી પ્રગટ્યા પછી જવાળા અથવા ધુમાડો પશ્ચિમ દિશામાં જાય તો ઘાસ-પાણી સારા રહેશે. ઝાળની દિશા અગ્નિ ખુણા તરફ રહે તો આગજની, ઈશાનમાં વધુ વરસાદના તેમજ નૈઋત્યમાં પાક હાની અને દક્ષિણ દિશામાં દુષ્કાળની સંદેહના વ્યક્ત થઈ છે.

પ્રેમ-રંગનો પર્વ એટલે હોળી અને હોળી ખોલે રહસ્યની ઝોળી. હોળીએ રંગ, ભંગ અને ઉમંગનો ઉત્સવ છે ભીતર ભીનાશ, મીઠાશ, કુમાશ, હળવાશ ભરવાનું ભવ્ય પર્વ છે. હોળીએ અનેકતામાં અનેક રાગનો રંગોત્સવ છે. હિરણ્ય એટલે બ્રહ્મ ઉત્પન્ન કરનાર યાને પ્રકાશ એનોરીપુ યાને દુશ્મન એટલે અંધકાર અને હિરણ્ય કશ્યપુ એટલે અંધકારરૂપ અહંકાર. આથી સહેજે સમજાય કે જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકારનો નાશ થાય આથી જ પ્રહલાદના કારણે અહંકાર અને અંધકારરૂપી હિરણ્ય કશ્યપુનો નાશ થયો હતો. હોળી એટલે હૂતાશણી પુરાણોમાં તેનું આગવું મહત્વ છે. હોલિકાનું દહન એટલે આસૂરી શક્તિનું દહન, આપણા દોષ નિવારવા માટે રવિવારે ઉજવાનારૂ હોળી પર્વ જીવનમાં પ્રેરણાદાયી બની રહેતું હોય છે. અખાત્રીજના પવન ઉપરથી આગામી ચોમાસાનો વર્તારો અગાઉ જાણકારોએ મેળવ્યા પછી હવે તા.૨૮ના રોજ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હોળીનું મહાપર્વ ઉજવાનારૂ હોવાથી પ્રજા-ખેડૂતોમાં વર્તારા ઉપર નજર ટેકવાઈ છે. જ્યારે હાળીની રાત્રે હોલિકા દહન પછી પ્રગટતી જવાળાઓનો ધુમાડો અને તેની દિશા જોઈ આગામી વર્તારા મેળવાતા હોવાથી ખેડૂતો માટે પણ હોળીનું પર્વ મહત્વનું બની રહ્યું છે. દિશા દર્શન પ્રમાણે હૂતાસણીની ઝાળ પૂર્વ તરફ જાય તો પ્રમાણસર વરસાદ, રાજા-પ્રજા સુખી થાય, પશ્ચિમ તરફ ઘાસપાની પુષ્કળ થાય, ઉત્તરમાં ધાન્ય વૃદ્ધિ થાય અને દક્ષિણમાં દુષ્કાળ થાય તેવું મનાય છે. ઉંચે સીધી ઝાળ જાય તો રાજા-દેશ ઉપર સંકટ થાય અને ચારેય બાજુ પવન ઘોડાય તો રાજા-પ્રજા બંન્ને ઝૂરવે.

અરવલ્લી જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કોરોનાની ઝપેટમાં

જિલ્લા પંચાયત કચેરીને સેનેટાઈઝ કરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર કોરોનાને નાથવામાં નિષ્ફળ ગયું છે અને હવે અધિકારીઓ સહિત અનેક લોકો કોરોનાની ઝપેટમાં આવતાં પ્રજાનું શું થશે તેવા સવાલ ઉભા થયા છે. અરવલ્લી જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર એમ.કે.વસાવા કોરોનાથી સંક્રમિત થતાં તેમના સંપર્કમાં આવેલા અનેક કર્મીઓ ફફડી ઉઠ્યા છે. એક પછી એક જિલ્લા પંચાયત, મામલતદાર કચેરી અને બહુમાળી ભવન તેમજ પોલીસ ભવનમાં કોરોનાના પગપેસારાથી પ્રજામાં દહેશત હાવિ થઈ છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં બેફામ બનેલા કોરોના ઉપર અંકુશ મેળવવામાં તંત્ર નિષ્ફળ ગયું છે પરંતુ કાગળ ઉપર ટનાટન કામગીરી દેખાડી આરોગ્ય વિભાગની વાહ વાહી મેળવી લીધી છે. અગાઉના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અમરનાથ વર્મા દરેક પ્રકારના કેસ ઉપર ઢાંકપીછોડ કરવામાં મહારથ હાંસલ કર્યું હતું અને તેના કારણે વારંવાર વિવાદમાં રહ્યા છે. અગાઉના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની બેદરકારીના ગંભીર પરિણામો જિલ્લાની પ્રજા હવે ભોગવી રહી છે. ખાસ કરીને મોડાસા શહેર અને સરકારી કચેરીઓ કોરોનાના અજગરી ભરડામાં આવી ગઈ છે.

દરરોજ કોઈને કોઈ અધિકારી કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે તેમાં વધુ એક ઉમેરો થયો. સતત કોરોના સામે સાવચેતી રાખતા અને માસ્ક પહેરી રાખતા માર્ગ અને મકાન વિભાગ(જિલ્લા પંચાયત)ના કાર્યપાલક ઈજનેર કોરોનાથી સંક્રમિત થયાનો રિપોર્ટ આવતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. માર્ચ મહિનો હોવાથી અનેક લોકો તેમના સંપર્કમાં આવ્યા હશે તે પણ સંક્રમિત થયાની આશંકા છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉમેદવારો દ્વારા પોલીસ ભરતી બોર્ડના નિયમમાં ફેરફારની માંગ

તલોદ, મોડાસા સહિતના અનેક તાલુકાઓમાં આવેદનપત્ર અપાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

પોલીસ ભરતીની પરીક્ષામાં નિયમોમાં ફેરબદલાવ કરવાની માગણી સામે સાબરકાંઠાના તલોદ અને અરવલ્લીના મોડાસા સહિતના અનેક ઉમેદવારો દ્વારા આવેદનપત્ર આપી પોતાનો આક્રોશ ઠાલવવામાં આવ્યો છે. તલોદ તાલુકાના પોલીસમાં ભરતી ઈચ્છુક બેરોજગારોએ મામલતદારને આવેદનપત્ર આપી રાજ્ય સરકાર અને ભરતી બોર્ડ સુધી પોતાની લાગણી પહોંચાડવા અનુરોધ કર્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બદલીના નિયમોમાં અનેક વિસંગતતાઓ પછી હવે પોલીસ ભરતીમાં પણ અનેક વિસંગતતા દુર કરવાની બેરોજગારોએ માંગ કરી છે. પોલીસ વિભાગમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર, આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરની ભરતી માટે દોડમાં ૧૫ ગણા કેટેગરી પ્રમાણે ઉમેદવારોને બીજા તબક્કાની પ્રાથમિક, લેખિત કસોટીમાં ઉત્તિર્ણ કરવાની મર્યાદા છે તેને રદ કરવાની માંગણી કરી છે ઉપરાંત પ્રતિક્ષા યાદી અને જે વિદ્યાર્થી કોલેજના છેલ્લા વર્ષમાં હોય તેમને પરીક્ષા આપવાની તક મળે તથા નોટીફીકેશનમાં કેટેગરી પ્રમાણેની બેઠકોની જે વિસંગતતા છે તેને દૂર કરવા સહિતની માંગણી કરી છે.